No Pages to Display

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૧૪ મું

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# જરા હસો

: લેખક :

ગિજુભાઈ

શારદામંદિર
અમદાવાદ ૭
૧૫૨
બાલમંદિર

卐

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

૧૯૬૪ બત્રીસ [illegible]

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાભાઈ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

: મુદ્રક :
જુગલદાસ ચંપકલાલ મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

અનુક્રમ

| | |
|---|---|
| વાત કહેવાય એવી નથી . | ૩ |
| ભાઈશા'બ બોર ખાવા જાય | ૭ |
| વનકો જોડા લઈ ગયો . | ૧૦ |
| ચોંડાજી ગુજરી ગયા. . | ૧૨ |
| શી મારી બહાદુરી ! . | ૧૬ |
| 'એ હોકો !' . . . | ૨૨ |
| ખોખલું ! . . . . | ૨૪ |
| વુઈ, કુઈ ને રતનિયો . | ૩૧ |

કુલ નકલ ૧૪,૭૮૫

પહેલી આવૃત્તિ
ચાર મુદ્રણો
કુલ ૫૧૮૫

બીજી આવૃત્તિ
છ મુદ્રણો
૮૪૫૦ નકલો

સાતમું મુદ્રણ
—૧૧૫૦ નકલો
૧ : ૮ : '૬૪

# વાત કહેવાય એવી નથી

"ભાઈ! ઈ વાત કહેવાય એવી નથી. એમાં વારે વારે શું પૂછે છે? એક વાર કહ્યું કે કોઈ વાત કહેવાય એવી નથી."

"પણ ભાઈ! એવી વાત શી છે? કહો તો ખરા? મારાથી એવું શું ખાનગી છે?"

"ખાનગી કે બાનગી; તારાથી કે મારાથી. મેં તને ન કહ્યું કે ઈ વાત કહેવાય એવી નથી?"

"પણ એવી તે વાત કેવી કે મને ય ન કહેવાય?"

"ભાઈ! ન કહેવાય. તને શું, કોઈને ય ન કહેવાય. ઈ વાત કોઈને કહેવાય એવી નથી. માણસ હોય તો સાનમાં સમજે. કંઈક ન કહેવાય એવું હશે ત્યારે ને?"

"ભાઈ! મારાથી તો કાંઈ સંતાડવાનું નથી ને?"

"એમાં સંતાડવાનું ક્યાં છે? હું તો કહું છું કે ઈ વાત કહેવાય એવી નથી."

"કીધે શી ખોટ જાય એમ છે? કહે-

વાય એવી વાત નથી તે કાંઈ ચોરની વાત છે કે કાંઈ મોળી વાત છે?'

"કોણ કહે છે ખરાબ વાત છે? કોણ કહે છે ચોરની વાત છે! મેં કહ્યું છે કે મોળી વાત છે? વાત ન પણ કહેવાય! બધી વાત કાંઈ કહેવાય એવી હોય છે?"

"પણ ભાઈ ન કહેવાનું કારણ હોય ને? કાંઈ વિના કારણે ન કહેવાય એમ હોય?"

"કારણે હોય ને બારણે હોય; હો યે તે ને ન યે હોય!"

"પણ કાંઈ કારણ હોય તો ને?"

"છે જ એવું. વાત જ કહેવાય એવી નથી."

"ભાઈ! મને તો કહે? હું કોઈને નહિ કહું."

"એમાં કોઈ ને ન કહેવાની વાત ક્યાં છે? તું કોઈને કહી દઈશ એમ પણ ક્યાં છે?"

"ત્યારે મારા ઉપર એટલો વિશ્વાસ નથી?"

"અરે ભલી બહેન! વિશ્વાસનું ક્યાં કૂટે છે? આ તો વાત કહેવાય એવી નથી."

"પણ ભાઈ! વાતમાં એવું તે શું બન્યું છે? વાત કાંઈ એમ કહે છે કે 'હું કહેવાઉં એવી નથી?' તારે કહેવી છે ક્યાં?"

"બાપુ! એવું કાંઈ નથી. હું તો આ ઘડીએ કહું, પણ વાત કહેવાય એવી જ નથી."

"પણ કો'ક જાણી જાય એની બીક છે? કો'ક જાણી જાય તો વઢે એમ છે? કોઈને કાંઈ થાય એમ છે?"

"એવું કાંઈ યે નથી. કોઈ વઢતું ય નથી ને કાંઈ બીકે નથી....વાત એવી બની છે કે.... પણ એમાં કહેવા જેવું છે શું? વાત છે છેક માલ વિનાની, પણ કહેવાય એવી નથી."

"આ તો ભાઈ, નવી નવાઈની વાત! માલ વિનાની વાત ને પાછી કહેવાય એવી નહિ! ભાઈ! કોઈ રીતે કહેવી છે? જેની હોય એને પૂછીને કહે. પછી છે કાંઈ?"

"એમાં કોઈને પૂછવાનું ક્યાં છે? મને જ થાય છે કે વાત કહેવાય એવી નથી."

"પણ ભાઈ! કોઈ રીતે કહેવી છે? કોઈ વાતે?"

"પણ ભાઈ! કહીને શો ફાયદો? કામ

વિનાની વાત; દમ વિનાની વાત; છોકરવાદીની વાત. એમાં કહેવું ’તું શું? કહેવા જેવી નહિ હોય ત્યારે નહિ કહેતા હોઈએ ને?”

“પણ આટલો મોટો પડારો શો? કહીએ છીએ કે બાપુ કહે ને!”

“એમ? કહું ત્યારે? પણ કોઈને કહેતી નહિ, હો!”

“હું તે કોઈને કહું?”

“લે સાંભળ ત્યારે. એ તો એમ થયું કે કુસુમબહેને મારા બૂટમાં કાગળના ડૂચા ભર્યા હતા!”

“ઓહોહોહો! આ તો ભારે વાત!”

પડારો=વડાઈ; શેખી

# ભાઈશા'બ બોર ખાવા જાય

ભાઈશા'બ રોજ કો'કના વાડામાં છીંડેથી જાય ને બોરડી ઉપર ચડી બોર ખાય.

બરાબર બપોર થાય ત્યારે ભાઈશા'બ લાગ સાધે. કોઈ ન હોય; ખરે બપોરે કોણ નીકળે ? ચકલું ય ન ફરકતું હોય. હા, એકાદ ગધેડું ફરતું હોય; પણ એ કાંઈ થોડું જ કોઈને કહી દે છે ?

ભાઈશા'બને ટેવ પડેલી. હરામનાં બોર; રાતી પાઈ યે ખરચવી પડે છે ? ઓરણું દાણા ય કાઢવા પડે છે?

બા કહેશે : " એલા ક્યાં ચાલ્યો ? આ ખરા બપોરે ક્યાં જવું છે ? "

ભાઈશા'બ કહેશે : " છગનને ત્યાં ભમરડે રમવા જાઉં છું. "

ત્યાં ભમરડો રમવા કોણ જતું'તું ? છગન છગનને ઘેર ને ભાઈશા'બ બોર ખાવા ઊપડે !

આમ જોતા જાય, તેમ જોતા જાય, ને બોરડીએ ચડે. બોરડીનાં કાંઈ બોર ! સાકરિયાં બોર ! ભાઈને ભાવે જ તો ! આ....ને નિરાંતે

બેઠા બેઠા બોર ખાય ને ઠળિયા હેઠે નાખે. ભોગજોગે કો'ક નીકળે તો ભાઈશા'બ આઘેથી જોઈને હેઠે ઊતરે ને હળવેક રહીને વાડ પાસે પેશાબ કરવા બેસી જાય.

લાલો તરવાડી કહેશે: "એલા અત્યારે ક્યાં નીકળ્યો છે?"

"એ તો મારી બાએ ચોકો કરવા છાણનું પોચકું લેવા મોકલ્યો છે તે આવ્યો છું."

ભાઈશા'બ તો રોજ આવે ને બોર ઉડાવે.

બોરડીવાળો કહે: "આ રોજ કોણ લઈ જતું હશે? કો'ક હળ્યો લાગે છે. હાથ આવે તો ટાલ પાડી નાખું!"

પણ બોરડીવાળાને શી ખબર કે ભાઈ-શા'બ રોજ બરાબર બપોરે આવે છે, ને બોર ખાય છે?

ભોગ લાગ્યા ને બળદ ખોવાયો.

બોરડીવાળો કહે: "કોણ જાણે; હા, વાડે ગયો હોય તો લાવ ને ખબર કાઢું?" શોધતો શોધતો વાડે આવ્યો; ત્યાં બળદ કેવો? ત્યાં તો ભાઈશા'બ બોરડીએ ચડીને બોર ખાતા'તા!

ભાઈશા'બ જાયે ય ક્યાં? ને બોરડીવાળો કાંઈ મૂકે? આ....ને કાનબૂટ ઝાલીને ભાઈશા'બને કહે: "લેતો જા, બોર ખાવા આવ્યો છે તો! ત્યાં બોર રેઢાં નથી પડ્યાં!"

ભાઈશા'બ બોર ખાવા ગ્યા'તા!

# વનકો જોડા લઈ ગયો

"કાલે આપણી નિશાળમાં વિશ્વાના જોડા કો'ક લઈ ગયું. કહે કે વનકો લઈ ગયો. વનકો છે એવો."

"તને ઈ કોણે કહ્યું?"

"મને તો લખડો કહેતો'તો."

"પણ લખડો ક્યાં સાચું બોલે છે? ચાલ લખડાને પૂછીએ."

"લખડા! વનકો વિશ્વાના જોડા લઈ ગયો ઈ વાત સાચી કે?"

"ભાઈ! મને બરાબર ખબર નથી. પણ રામકો કહેતો'તો કે છનકે એને કહ્યું કે વનકો જોડા લઈ ગયો છે."

"ચાલો ત્યારે છનકાને જ પૂછીએ."

"છનકા! આ વિશ્વાના જોડા કોણ લઈ ગયું?"

"કોણ શું? વનકો લઈ ગયો."

"તને ક્યાંથી ખબર?"

"મને તો ભગલો કહે છે કે વનકો જોડા લઈ ગયો છે."

"આ ભગલો આવે. અલ્યા ભગલા! વનકાને જોડા લેતાં ભાળ્યો'તો કે?"

"ભાઈ! ભાળ્યો તો નથી. ઓલ્યો રવલો કે'તો'તો કે વનકો જોડા લઈ ગયો. આ વિશ્વો આવે."

"અલ્યા વિશ્વા! તારા જ જોડાની તપાસ કરીએ છીએ. કહે છે કે વનકો લઈ ગયો."

"હા ભાઈ! ઈ જ લઈ ગયો છે. મને ઓલ્યો રામલો કહેતો'તો કે રવલો કહે છે કે વનકો ચોર છે."

"ચાલો ત્યારે રવલાને પૂછીએ."

"એલા રવલા! આ વિશ્વાના જોડા વનકો લઈ ગયો છે?"

"ઈ નહિ તો બીજું કોણ લઈ જાય?"

"તેં જોડા લેતાં ભાળ્યો'તો કે?"

"હું કાંઈ ત્યારે પાસે ઊભો'તો? એ તો ભીમલો કહેતો'તો કે વનકો લઈ ગયો છે."

"એલા ચાલો બધા, ભીમલાને ઘેર ચાલો."

"હેં ભીમલા! તેં તો વનકાને જોડા ચોરતાં ભાળ્યો'તો ને?"

"ભાઈ! મેં મારી નજરે નથી ભાળ્યું. કો'ક કહેતું'તું કે વનકો ચોર છે."

# ચોંડાજી ગુજરી ગયા

"કરશન ભગત! આ મૂછો કેમ મૂંડાવી?"

"મૂછો તો મૂંડાવવી જ પડે ને? આ ચોંડાજી ગુજરી ગયા. એટલું તો રાખવું જ જોઈએ ના?"

અરજણ સોની કહે: "ત્યારે લાવ ને હું યે મૂંડાવું? બિચારો ચોંડાજી ગુજરી ગયો."

કાનજી માળી કહે: "અરજણભાઈ! આ શાનું?"

"ભાઈ! ચોંડાજી ગુજરી ગયા, તમને ખબર નથી? ચોંડાજી ડા'યા હતા હો!"

"માળું આપણે ય મૂછ તો મૂંડાવવી જોઈએ. ચોંડાજી મરે એ કાંઈ જેવી તેવી વાત!"

રૂપસંગ ખવાસ કહે: "માળું આપણે ય મૂંડાવ્યા વિના નહિ ચાલે. દેવા સોનીએ ય મૂછો મૂંડાવી છે ને આ ભીમા પટેલે યે મૂંડાવી છે. આપણે ન મૂંડાવીએ તો ભૂંડાં લાગીએ ને?"

રૂપસંગ ખવાસ કહે: "જમાદાર! તમે હજી મૂછો નથી મૂંડાવી! ચોંડાજી ગુજરી ગયા?"

"અરે દયાળ! ચાલ, મૂંડી નાખ જલદી. ગામની આખાની મૂછો મૂંડે છે ને કહેતો ય નથી કે ચોંડાજીનું મૂંડ્યું છે?"

ફોજદાર કહે: "જમાદાર! કંઈક ખોટું થયું લાગે છે."

"અરે સાહેબ! ચોંડાજીની ખબર નથી? ગામ બધું મૂછો મૂંડાવે છે. કચેરીમાં જશો તો ભૂંડા નહિ લાગો?"

ફોજદાર કહે: "ખોટું થયું. ચોંડાજી ગુજરી ગયા? જા જલદી વાળંદને બોલાવ. મૂછો સોતો બહાર જઈશ તો કો'ક ઠેકડી કરશે. ચોંડાજી કાંઈ જાતવાળા!"

વાણિયા કહે: "આપણે મૂંડાવ્યા વિના નહિ ચાલે. આ સઈની આખી નાતે મૂંડાવ્યું!"

સોની કહે: "આપણે તો આખી નાતે મૂંડાવવું પડશે, નીકર કંસારા શું કામ મૂંડાવે?"

સુતારે, ઘાંચીએ, મોચીએ, લુહારે, એમ બધાએ મૂંડાવ્યું. ચોંડાજી ગુજરી ગયા એટલે મૂંડાવ્યા વિના કેમ ચાલે?

અમલદારો કહે: "આપણાથી મૂછો નહિં રખાય; આખું ગામ મૂંડાવે છે. આપણે ન

મૂંડાવીએ તો ખોટું દેખાય ના !"

વહીવટદારે મૂંડાવી, મોજણીદારે મૂંડાવી ન્યાયાધીશે પણ મૂંડાવી.

દીવાન સાહેબ કહે : "ઝટ ઝટ વાળંદને બોલાવો. આ બધા ચોંડાજીની મૂછો મૂંડાવીને આવે છે તે આપણે એકલા મૂછોવાળા ભૂંડા-ભૂખ લાગશું. પાછું કચેરીમાં જવું પડશે!"

અમીરો કહે : "બાપુ ! ખબર પડી કે ? ચોંડાજીનું આખા ગામે મૂંડાવ્યું. આપણા દીવાન સાહેબે ય મૂંડાવ્યું."

"ત્યારે કોઈક દોડો ને બાબરને તેડી લાવો. લ્યો, હું યે ઝટઝટ બધા આવે તે પહેલાં મૂંડાવી લઉં !"

રાજાએ ય મૂંડાવ્યું.

કચેરી ભરાઈ. બધા નમૂછિયા !

રાજા કહે : "બહુ ખોટું થયું !"

દીવાન કહે : "ચોંડાજી બહુ લાયક ! બહુ ભૂંડું થયું !"

પ્રજા કહે : "બાપુ ! બહુ ભૂંડું થયું. ચોંડાજી ક્યાંઈ થવાના છે !"

કરશન કહે : "બાપુ ! ભૂંડું થયું એની

શી વાત કરવી? આ તમે સહુ બે દીમાં ચોંડાજીને ભૂલી જશો, પણ મારે તો આ હૈયા સામે હોળી બળશે! હવે મારાં છાલકાં કોણ ઉપાડશે? ને ઉકરડે ચડીને 'ઘેંકૂક ઘેંકૂક' કરીને ભૂંકશે કોણ? મારો ચોંડાજી મરતો ગયો ને મને ય મારતો ગયો!

# શી મારી બહાદુરી !

" ક્યાં ચાલ્યા ? "

" આ જો ને, મારે માથે થઈ છે ! નાનાં છોકરાં કાંઈ સખણાં રહે છે ? કૂતરો મળે તો પૂંછડીએ ડબલું બાંધે. પતંગિયાંને તો દીઠાં ય ન મૂકે. બેસે ય નહિ ને બેસવા ય ન દે. ગધેડું ભાળ્યું કે એ બધાં ' હો, હો ' કરતાં પાછળ. છોકરાંની તે કાંઈ જાત છે ? "

" પણ છે શું, કહો તો ખરા ? "

" આ ભોગ લાગ્યા ને હું હાથ પડ્યો ! મને શી ખબર કે આવું કરશે ? હું તો દૂધ પીતો હતો, ત્યાં માળે બાંધી દીધી : પતરાની તલવાર ! દિવસ ને રાત ખણુંગ ખણુંગ ! જરાક ચાલું ત્યાં ખણુંગ ખણુંગ ! મારે તે હવે કરવું શું ? ખણુંગ થાય ને ઉંદર જાણી જાય. ખણુંગ બોલે ને ચકલી ઊડી જાય. ભૂખે યે કેટલા દિવસ મરવું ? "

" વાહ, આ તો બહુ શોભે છે ! સિંહે ય આવો તો શોભતો નથી. જાણે મોટા શૂરવીર ! "

" પણ ભૂખે મરવું પડે તેનું શું ? "

"ચાલો ચાલો, મારે ત્યાં ચાલો. હું તમારી રાણી ને તમે મારા રાજા. ઉંદરડા હું લાવી આપીશ, પછી તમારે ફિકર નહિ."

બિલાડી-બિલાડો સાથે રહે છે. સાથે ખાય છે, સાથે પીએ છે ને મોજ કરે છે.

* * *

"બિલ્લીબહેન! દેખાતાં કેમ નથી?"

"લ્યો, જાણતા નથી! અમારા રાજા આવ્યા છે. અમે એની રાણી. બહાદુરના એ બેટા છે. શું એમની વાતો?"

"જોવા આવું?"

"હા, પણ જરા જાળવજો; આકરા છે. ચિડાયા તો તો...."

* * *

"સરદાર! સાંભળ્યું? આ વરુ આવ્યું છે. રાજાને મળવા અને લડાઈઓની વાતો સાંભળવા."

ખણુંગ, ખણુંગ, ખણુંગ! બિલાડાભાઈ બહાર આવ્યા.

બહાર મોટું જબરું વરુ.

વરુ કહે: "રામરામ!"

બિલાડાભાઈના બાર વાગ્યા. જીવ લઈને જવું ય ક્યાં? પૂંછડી જાડી કરી, પીઠ ઊંચી કરી ને ઘુર્‌ર્‌ર્‌ર્ ઘુર્‌ર્‌ર્! છાતી તો ધડક ધડક થાય. બહાદુરીની શી વાત!

વરુ કહે: "માર્યા! આ તો બિલાડાભાઈ ખિજાયા!"

વરુ તો જાય ઊભી પૂંછડીએ ભાગ્યું.

"વરુભાઈ, વરુભાઈ! ઊભા તો રહો? ક્યાં ભાગ્યા? શ્વાસે ય માતો નથી."

"ભાઈ! જવા દે ને? જીવ લઈને ભાગ્યો છું."

"પણ છે શું?"

"આ બિલાડી છે તે પરણી આવી છે. કોણ જાણે ક્યાંનો ય છે. મને તો મારી નાખત; તલવાર લઈ ને એવો તો દોડ્યો!"

રીંછ કહે: "જા જા, બાયલો છે. મને જવા દે."

"કાં, વરરાજા! કેમ છો? બહાર તો પધારો; જરા દીદાર તો જોઈ એ!"

ખણુંગ, ખણુંગ, ખણુંગ! બિલાડાભાઈ તો પધાર્યા. જાડી પૂંછડી, ઊંચી પીઠ ને 'મ્યાંઉં મ્યાંઉં'!

રીંછ તો જાય ભાગ્યું !

સિંહ કહે : " વરરાજાને જમવા નોતરીએ."

વરુ કહે : " પણ પછી ? "

સિંહ કહે : " નિશાન કરું ત્યારે તૂટી પડજો. "

વાઘ કહે : " હા, હા. એ મજાનું ! "

સિંહ કહે : " વરુભાઈ ! જરા નોતરું આપવા જશો કે ? તમે ઘર ભાળ્યું છે. "

વરુ કહે : " તૈયાર જ છું ને ! પણ મારા પગમાં કાંટો ભાંગ્યો છે. અરરર ! કાંઈ પીડા થાય છે ! આ રીંછને મોકલો ને ? એણે ય ઘર ભાળ્યું છે. "

સિંહ કહે : " રીંછભાઈ ! તૈયાર છો ને ? '

રીંછ કહે : " મારી તે ના હોય ? પણ તાવે બળી મરું છું. હાથ તો લગાડો ? "

સિંહ કહે : " ત્યારે હાથીભાઈ તમે જ જાઓ ને ? "

હાથી કહે : " ઘણી ખુશીની વાત. પણ ધીમું કામ મારું. આ ઊંટને મોકલો કે વે'લો પાછો આવે. હું તો આઠ દિવસ કરીશ. "

ઊંટ કહે : " ના કોણ પાડે છે ? પણ રસ્તો

જ કોણે ભાળ્યો છે? મારું કામ તો રણમાં. વનમાં તો હું ભૂલો પડું."

સિંહ કહે: "ત્યારે સસલાભાઈ! તમે જ જાઓ ને? તમારા પગમાં કાંટો નથી લાગ્યો, તમને તાવે ય નથી આવ્યો; ને દોડવામાં તમને કોણ પહોંચે? રસ્તો તો તમે જાણો જ છો ને?"

"લ્યો જમવા ચાલો. બીઓ છો શાના?"

"મારું તો મોત આવ્યું?"

"મોત ને બોત. જમવા ગયા વિના ચાલે? સિંહને કાંઈ ના પડાશે? એક વાર વનરાજ ખિજાયા તો થઈ રહ્યું!"

"ઠીક ત્યારે."

ખણુંગ, ખણુંગ, ખણુંગ! બિલાડાભાઈ આવ્યા ને પાટલે બેઠા. પાસે સિંહ બેઠો. સામે વરુ બેઠું. પણે વાઘ બેઠો. પણે સસલું બેઠું. આમ રીંછ બેઠું. તેમ ઊંટ બેઠું. બિલ્લીબાઈ વા ઢોળે!

'કૌ, કૌ' કરતો કાગડો આવ્યો અને રોટલી ઉપાડી.

સર્‌ર્‌ર્‌ર્‌ર્ કરતાક ને બિલાડાભાઈ ઝાડ ઉપર ચડ્યા. ને કાગડાભાઈના શા ભાર?

પીંછડેપીંછડાં નોખાં !

રીંછ કહે: "મને તો પેટમાં દુઃખે છે; મારે નથી ખાવું." રીંછ આડ પાછળ સંતાયું.

સસલું કહે: "હું તો હમણાં જ ખાઈને આવું છું." સસલાભાઈ પલાયન !

ત્યાં તો વાઘ, વરુ, ઊંટ ને હાથી ક્યાંના ક્યાં ઊપડી ગયા !

સિંહ કહે: "આ પેટી વાંસે સંતાવા દે. પછી ક્યાંથી ભાળશે?" સિંહ તો પેટી વાંસે સંતાયો.

બિલાડાભાઈ તો આમ જુએ ને તેમ જુએ. "અલી ! બધાં ક્યાં ગયાં?"

"રાજાથી બીના તે ભાગી ગયાં. શી તમારી બહાદુરી !"

"વાહ! શી મારી બહાદુરી !"

# ' એ હોકો ! '

જાલમસિંહજી વીરપુરનો ગરાશિયો.

ઘણો બસો સાંતીનો ધણી પણ કુટેવમાં પડી ગયેલો, ખાવા પીવા ટળેલો.

તો ય જાલમસિંહ દરબાર કહેવાય !

બધા એને ' બાપુ, બાપુ ' કહે.

જાલમસિંહના મહેલ પડી ગયેલા.

જાલમસિંહની ડેલી ભાંગી ગયેલી.

જાલમસિંહની ઓશરીમાં ખાડા.

જાલમસિંહના ફળિયામાં ખડ ઊગેલાં.

જાલમસિંહનો ચોરણો ફાટેલો.

જાલમસિંહનું મોળિયું ચીંથરિયું.

જાલમસિંહજીનું ડિલ ઉઘાડું ને પગમાં પગરખું ન મળે.

બપોર થાય ને જાલમસિંહજી પલંગમાં પોઢે. બાપુનો પલંગ એટલે એક ખાટલી; કાથી ભરેલી ને ચારેકોર તૂટેલી. જાલમસિંહજી ઊંપળે પગ ટેકવે, ઓશીકે મોળિયું મૂકે ને સુખાળવા

---

મોળિયું=ફેંટો          પગરખું=જોડો

થાય. બાપુ પાસે કોળી બેસે ને હોકો સાચવે. બાપુ ઊંઘતા જાય, નસકોરાં ખેંચતા જાય અને વચમાંથી બોલે : "એ હોકો!"

કોળી સટ દઈ ને હોકાની નેહ મોંમાં મૂકે. બાપુ ઊંઘમાં હોય પણ હોકો ગડગડે. બે ઘૂંટને ચાર ઘૂંટ; બાપુ મોં ફેરવે ને હોકો મૂકી દે. પાછાં ઘરડ ઘરડ નસકોરાં ચાલે. બાપુ નીંદર લ્યે.

ત્યાં પાછા બોલે: "એ....હોકો!"

વળી પાછો કોળી નેહ મૂને કે બપુ બે ઘૂંટ લ્યે. આમ બપોર નીકળે.

સાંજ પડે ને બાપુ ઊઠે.

ઈ બાપુ, ઈ બાપુનો વેશ ને ઈ બાપુના જીંથરિયા કેશ! બાપુ ખોંખારે ને જુવાન જેમ બજાર વચ્ચે નીકળે. ગામ બહાર જાય, દેવ-દરશન કરે ને રાજમહેલે પાછા આવે. ઘેંશ-છાશ ખાય ને હોકો પીને નીંદર કરે.

# બોખલું !*

## હરભાઈનું બોખલું !

તારાબેન આવશે. ગિજુભાઈ આવશે. જડીબેન આવશે. કમળાબેન આવશે. સૌની સાથે વાતો કરશું; હરશું ફરશું ને મજા કરશું.

બાબીને તાવ આવ્યો.
વરતેજ કોઈ ગયું નહિ.
હરભાઈ રાહ જોઈ રહ્યા.
હરભાઈનું બોખલું !

* *

## સંતોકબેનનું બોખલું !

ભાવનગરથી મહેમાન આવશે. 'આવું' કરતા આજ આવશે. દૂધ લીધું છે તે ચા કરશું. દાળ, ભાત ને શાક કરશું. જમાડીને જવા દેશું. સુખદુ:ખની વાતો કરશું. બે જણુની કથની કરશું. મહેમાનનો હલસો ખમશું.

બાબીને તાવ આવ્યો.
વરતેજ કોઈ ગયું નહિ.

* ધાર્યા કરતાં ઊલટું થતાં નિરાશા થાય ત્યારે મશ્કરી માટે વપરાતો શબ્દ—ચાટ પડવું વગેરે વપરાય છે તેવો.

સંતોકબેન રાહ જોઈ રહ્યાં.
સંતોકબેનનું બોખલું !

*          *

## ભાસ્કરરાવનું બોખલું !

ભાસ્કરરાવે કહી રાખેલું. ગિજુભાઈ આવશે. નવી વાતો લાવશે. પોતે સાથે આવશે. ઉતારે લઈ જશો. હરભાઈ પાસે ઊભા રહેશે. ચાપાણી પીરસશે. શાકભાજી સુધારશે. ઈતિહાસની વાત કરશે.

બાબીને તાવ આવ્યો.
વરતેજ કોઈ ગયું નહિ.
ભસ્કરરાવ રાહ જોઈ રહ્યા.
ભાસ્કરરાવનું બોખલું !

*          *

## બચુભાઈનું બોખલું !

બચુભાઈને એમ હશે. સુશીલા આવશે; બબલી આવશે; બાબી આવશે; ટીકુ આવશે. નદીએ જઈને નહાવા પડશે. માછલી જેમ તરવા માંડશે. પોતાને પણ નહાવા મળશે. એ ઘડીની મજા પડશે.

બાબીને તાવ આવ્યો.
વરતેજ કોઈ ગયું નહિ.

બચુ રાહ જોઈ રહ્યો.
બચુભાઈનું ખોખલું !

*            *

**જશી-બટુકનું ખોખલું**

બબલી આવશે, બાબી આવશે. બે ને બે ચાર થશું. દોડાદોડ કરી મૂકશું. જ્યાં ત્યાં જોવા જશું. નદી મહીં નહાવા પડશું. વડના રાતા ટેટા ખાશું. પીંપરપાનનાં પપૂડાં કરશું. દોડમદોડ મજા કરશું.

બાબીને તાવ આવ્યો.
વરતેજ કોઈ ગયું નહિ.
બેઉ રાહ જોઈ રહ્યાં.
જશી-બટુકનું ખોખલું !

*            *

**અંબાશંકરનું ખોખલું !**

રાંધવાની ને ચીંધવાની, ચા અને પાણીની તૈયારી કરી રાખી. શાકને સુધારી રાખ્યું. દાળને વીણી રાખી. હમણાં આવશે, ચૂલો પેટાવું, ચા કરીને પાઈ દઉં. મહેમાન સૌને રાજી કરું.

બાબીને તાવ આવ્યો,
વરતેજ કોઈ ગયું નહિ.

અંબાશંકરની મનમાં રહી.
અંબાશંકરનું બોખલું !

*　　　*

## ગિજુભાઈનું બોખલું !

ક્યાં જવું છે ? હરભાઈને ત્યાં. ક્યારે જશો ? લોકલમાં વરતેજ જશું. વાતો કરશું; ગમ્મત કરશું; ડૂમો કાઢશું. હવા ખાશું; તાજા થશું. રાતે વે'લા પાછા વળશું

બાબીને તાવ આવ્યો.
વરતેજ કોઈ ગયું નહિ.
ગિજુભાઈની મનમાં રહી.
ગિજુભાઈનું બોખલું !

*　　　*

## જડીબેનનું બોખલું !

ઘણે દિવસે મળવા જશું. હરભાઈની ખબર કાઢશું. વાતો કરશું, ચીતો કરશું; ચા-પાણી ને ભોજન લેશું. એક દિવસનો આરામ મળશે ! તાજાં થઈને ઘેર વળશું. કાનજી ! કાલે ગાડી લાવજે. તારાબેન ! ભાત કરજો. સાદી સાદી રસોઈ કરી ઝટપટ પરવારશું.

બાબીને તાવ આવ્યો.
વરતેજ કોઈ ગયું નહિ.
જડીબેનની મનમાં રહી.
જડીબેનનું બોખલું !

* *

**તારાબેનનું બોખલું !**

બસ, બાબીને વરતેજ જોવું. બસ, કાલે વરતેજ જવું. આ વખતે જરૂર જવું. ફોનોગ્રાફને સાથે લેવું. છોકરાંછૈયાં મજા કરશે. હરભાઈને ઠીક પડશે. નદીકાંઠે ફરવાનું; રેતીપટે બેસવાનું; આંબાઘટા જોવાની; હવાફેર કરવાનું.

બાબીને તાવ આવ્યો.
વરતેજ કોઈ ગયું નહિ.
તારાબેનની મનમાં રહી.
તારાબેનનું બોખલું !

* *

**સુશીલાનું બોખલું**

વે'લી ઊઠી છાણું લીધું. તેલ છાંટીને સળગાવ્યું. માથે નાહી વાળ ઓળ્યા. જશીબટુકને મળવાનું. આખો દિવસ ભમવાનું. વાવ-પગથિયે ચડવાનું. કૂવા કૂવા રમવાનું. સામ-

સામે કૂદવાનું.

બાબીને તાવ આવ્યો.
વરતેજ કોઈ ગયું નહિ.
સુશીલાની મનમાં રહી.
સુશીલાનું ઓખલું !

* *

### બબુ-ટીકુનું ઓખલું

કાલે અમે વરતેજ જશું. ઘોડાગાડીમાં બેસશું. રેલગાડીમાં રમશું. એન્જિન-ડબ્બા જોઈશું. પુલ-નદી દેખશું. લીલાં ખેતર નિહાળશું. ગાડી પાવો સાંભળશું. હળવે હળવે હસશું. દોડાદોડ કરશું. બટકા સાથે રમશું. ચારેકોર ફરશું.

બાબીને તાવ આવ્યો.
વરતેજ જવું પડી રહ્યું.
બબુ-ટીકુની મનમાં રહી.
બબુ-ટીકુનું ઓખલું !

* *

### બાબીનું ઓખલું !

'આઈ માલા' વરતેજ જવું. જશીબેનને ઘેર જવું. ત્યાં જઈ રમશું, જમશું ને

રમાડશું. નદી-નાળામાં નાવા પડશું. રેતી-પટમાં કૂવા કરશું. કૂદશું, નાચશું, ખેલશું. રાત પડી ને તાવ આવ્યો. સવાર પડી તો ય ઊતર્યો નહિ. બપોર થયા ને વધવા લાગ્યો.

બાબીને તાવ આવ્યો.
વરતેજ જવું પડી રહ્યું.
બાબીની મનમાં રહી.
બાબીબેનનું બોખલું !

# વુઈ, ફુઈ ને રતનિયો

વુઈ, ફુઈ ને રતનિયો ફરવા ગયાં. ચાલતાં ય આવડે તો ને! એક મોઢા આગળ જાય તો એક પાછળ રહે. ખવડ ખચડ પગ થાય.

વુઈ કહે : " ફુઈ! આ સાળું શું બોલતું હશે ? "

ફુઈ કહે : " કાગડો લાગે છે. ખરું કે ? "

રતનિયો કહે : " કાગડો તે હોય? પૂંછડા વિનાનો કાગડો ? જાણે કાગડો મેં બોલતો નહિ સાંભળ્યો હોય! જાણે કાગડો નહિ દીઠો હોય! તડકો પડે છે ત્યારે દરમાંથી કેટલા ય ઊભરાય છે. કોઈ પાર નહિ ! "

વુઈ કહે : "રાખો રાખો, તમારામાં તે વેતા કયે દિવસ આવશે? જોતા નથી? મને તો ગરોળી લાગે છે. કેવી રૂપાળી ગાય છે? કૌ કૌ, કૌ કૌ! બધાને એવી શી ટેવ હશે કે ગરોળીને જયાં ભાળે ત્યાં બેસવા જ ન દે!'

રતનિયો કહે : " અરે ભાઈ! આ તો બગલું લાગે છે, બગલું! જુઓ, ખડ નથી

ખાતું ! ને કાન કેવા રૂપાળા ફફડાવે છે ? કહે છે ને કે બગલું ધોળું હોય ? તદ્દન વાત ખોટી. કેવું મજાનું કાળું રૂપાળું છે !”

વુઈ, ફુઈ ને રતનિયો ફરવા ગયાં ને પાછાં આવ્યાં !